# એક ઓછું જાણીતું પાસું- રેલવેનો લશ્કરી ઉપયોગ

**બોર્ડર**
**કેપ્ટન શૂરવીર સિંહ**

અહીં આ વખતે જે વાત કરવી છે તે સંદર્ભે ઈંડા અને મરઘીવાળી કહેવત યાદ આવે છે. એ રમૂજી કહેવતની જ તરજ પર એક મજેદાર પણ માહિતીપ્રદ પ્રશ્ન એ મૂકી શકાય કે વિશ્વની પ્રજા માટેના મુસાફરીના સાધન તરીકે રેલવે (ટ્રેન)નો ઉપયોગ સૌપ્રથમ શરૂ થયો કે યુદ્ધ મોરચે રેલવેનો



ઉપયોગ સૌપ્રથમ શરૂ થયો? પહેલી દૃષ્ટિએ અજબગજબ જેવા લાગતા આ પ્રશ્નનો જવાબ સાવ સીધો અને સરળ છે કે વિશ્વસ્તરે યુદ્ધ મોરચે જ રેલવેનો ઉપયોગ શરૂ થયો હતો. વિશ્વનો ઈતિહાસ આ બાબતનો સાક્ષી છે. વિશ્વના આ ઈતિહાસને સાચો માનીએ તો 1848માં યુરોપમાં વિવિધ નાની-મોટી ક્રાંતિ પ્રેરિત અશાંતિ એટલે કે નવસર્જન પહેલાંની અશાંતિની શરૂઆત થઈ ત્યારથી યુરોપ અને એ રીતે વિશ્વમાં પણ રેલવેના લશ્કરી ઉપયોગની શરૂઆત થઈ હતી. તે વખતે યુરોપમાં કહેવાતી અશાંતિ ફેલાવનાર આ ક્રાંતિને ડામવા માટે લશ્કરની ઝડપી હેરફેર માટે રેલવેનો ઉપયોગ થતો હતો અને એ જ રીતે પ્રચલિત પણ થયો હતો. ભારતમાં તો તત્કાલીન બ્રિટિશ સામ્રાજ્ય દ્વારા રેલવેની શરૂઆત અને તેના ઉપયોગનો ઈતિહાસ જાણીતો છે. બ્રિટિશરોએ ભારતમાં 1853માં સત્તાવાર રીતે રેલવે શરૂ કર્યા પછી તેનો સૌપ્રથમ અસરકારક લશ્કરી ઉપયોગ 1857નો આપણો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ લશ્કરની ઝડપી હેરફેર થકી ડામવા માટે કર્યો હતો.

સત્તાવાર રીતે આ સંગ્રામ તો તેમણે ગમે તેમ કરીને ડામી દીધો પણ ભવિષ્યમાં આવો ઘટનાક્રમ ફરી આકાર ન લે તેની તકેદારીરૂપે તે પછી ભારતમાં તેમણે રેલવેનું નેટવર્ક વધુ મજબૂત કર્યું હતું અને તેની પહોંચ વધુ વિસ્તૃત બનાવી હતી. આ સંગ્રામનું સમયાંતરે વિવિધ રીતે મૂલ્યાંકન કરતા રહેતા ઈતિહાસના જાણકારો અને નિષ્ણાતો તો એમ પણ કહે છે કે જો તે સંગ્રામ સમયે ભારતમાં રેલવેનું તંત્ર આટલું વિકસિત ન હોત તો અંગ્રેજો આપણા એ સંગ્રામને આટલો ઝડપથી ડામી શક્યા ન હોત. ખેર, આ તો બધી હવે જાણીતી વાતો છે એટલે અહીં તેનો માત્ર ઉલ્લેખ કરીને છોડી દઈએ.

રેલવેના લશ્કરી ઉપયોગ વિશે વધુ વાત કરવાની સાથે એક ઉડતી નજર એક સમયના પર્શિયન સામ્રાજ્ય (વર્તમાન ઈરાન)ના ઈતિહાસ પર પણ કરી લઈએ. કારણ કે આજે મહદંશે પશ્ચિમ એશિયાનો હિસ્સો ગણાતા ઈરાનનાં મૂળિયાં જેમાં છે એવા પર્શિયન સામ્રાજ્યનો વિસ્તાર અને તેની પહોંચ છેક દક્ષિણ-પૂર્વ યુરોપ સુધી વિસ્તર્યાં હતાં. હકીકતે યુરોપમાં અશાંતિ સર્જનાર જે ક્રાંતિની જ્વાળાઓ 1848માં પહોંચી તે ક્રાંતિની શરૂઆત મૂળભૂત રીતે પર્શિયામાં 1846માં થઈ ગઈ હતી. 1846ની એ પર્શિયન ક્રાંતિને ડામવા માટે તત્કાલીન પર્શિયન સામ્રાજ્યએ અંદાને 12,000 જવાનોના શાહી લશ્કરની ઝડપી હેરફેર માટે પહેલી વખતે રેલવેનો ઉપયોગ કર્યો હતો. રેલવેનો આ સૌપ્રથમ લશ્કરી ઉપયોગ હતો. આ ઉપરાંત આ પછી થયેલી હંગેરિયન ક્રાંતિ, ક્રિમિયન વૉર, બીજો ઈટાલિયન

**બ્રિટિશરોએ ભારતમાં 1853માં સત્તાવાર રીતે રેલવે શરૂ કર્યા પછી તેનો સૌપ્રથમ અસરકારક લશ્કરી ઉપયોગ 1857નો આપણો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ લશ્કરની ઝડપી હેરફેર થકી ડામવા માટે કર્યો હતો**

સ્વાતંત્ર્ય સંગ્રામ, અમેરિકન સિવિલ વૉર, પેરુગ્વેયન વૉર, રશિયન ક્રાંતિ અને મહાડિસ્ટ વૉર(Mahdist War) દરમ્યાન જે-તે ઘટનાક્રમને ઝડપથી ડામવા માટે લશ્કરની ઝડપી હેરફેરના હેતુથી રેલવેનો લશ્કરી ઉપયોગ થયો હતો.

જોકે રેલવેનો લશ્કરી ઉપયોગ પહેલા અને બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન થયો હતો. આ બંને વિશ્વયુદ્ધ દરમ્યાન રેલવેના મહત્તમ ઉપયોગનો શ્રેય જર્મનીને જાય છે. પહેલા વિશ્વયુદ્ધમાં રેલવેના



લશ્કરી ઉપયોગની વાત કરતાં જર્મનીનું ફ્રાન્સ અને બેલ્જિયમ પરના આક્રમણના હેતુથી હાથ ધરાયેલું લશ્કરી મિશન નામે ઓપરેશન શ્લિફેન પ્લાન(Schlieffen Plan) યાદ આવે. તે સમયે આલ્ફ્રેડ વૉન શ્લિફેન(Alfred Von Schlieffen) જર્મન આર્મીના વડા હતા, જેમણે આ પ્લાન બનાવ્યો હતો અને આજે તે તેમના નામે જ પ્રચલિત થયો છે. આ પ્લાન ટૂંકમાં સમજવા જેવો છે. હકીકતમાં એમ કહી શકાય કે જર્મનીએ ભલે આ પ્લાનનો સત્તાવાર અમલ 1914-15માં પહેલા વિશ્વયુદ્ધ દરમ્યાન કર્યો હોય પણ જર્મનીના લશ્કરી વર્તુળોમાં એક વિચાર તરીકે આ પ્લાનનો આરંભ તો છેક 1905-1906 દરમ્યાન થઈ ગયો હતો. આ પ્લાન અનુસાર જર્મનીના તત્કાલીન લશ્કરી વડા આલ્ફ્રેડ વૉન શ્લિફેન(Alfred Von Schlieffen) દ્વારા તત્કાલીન જર્મન લશ્કરની 7મી બટાલિયનને ચાર હિસ્સામાં વહેંચીને કુલ 17 પ્રકારની વ્યૂહરચનાઓ થકી, રેલવેમાં તે બટાલિયનની ઝડપી હેરફેર વડે ફ્રાન્સ અને બેલ્જિયમ પર આક્રમણ કરવાની યોજના ઘડવામાં આવી હતી અને તેના અસરકારક અમલ દ્વારા પ્રથમ વિશ્વયુદ્ધના શરૂઆતના તબક્કે ફ્રાન્સ પર ઘાતક અને અણધારા આક્રમણ કરવામાં જર્મન લશ્કરને સફળતા પણ મળી હતી. એ પછી જોકે ધીમી ગતિએ જર્મનીના વળતા પાણી થયા હતા એ અલગ વાત છે. એ જ રીતે બીજા વિશ્વયુદ્ધનો આરંભ પણ 1939માં જર્મનીએ જ પોલેન્ડ પરના આક્રમણ થકી કરી હતી એ જાણીતી વાત છે. પરંતુ બીજા વિશ્વયુદ્ધની આ જર્મન લશ્કરની કાર્યવાહીની નોંધપાત્ર બાબત એ છે કે તે દરમ્યાન જર્મનીએ પોલેન્ડના રેલવે તંત્રને મરણતોલ ફટકો માર્યો હતો. આ જ બાબત છેવટે પોલેન્ડના પતન માટે ચાવીરૂપ બની રહી હતી. હવે થોડી વાત વર્તમાન ભારતીય લશ્કરમાં રેલવેના લશ્કરી ઉપયોગ અંગે કરીએ તો શરૂઆતમાં પેસેન્જર ટ્રેનમાં જ લશ્કરના જવાનો માટે અલગ કોચ રહેતો પણ હવે ઘણા સમયથી ભારતીય રેલવે લશ્કરી જવાનોના ઉપયોગ તેમજ ઈમર્જન્સીમાં લશ્કરની ઝડપી હેરફર માટે સ્પેશિયલ ટ્રેનો જ ફાળવી દે છે. અલબત્ત, સલામતીના કારણોસર આ ટ્રેનોનું ટાઈમ ટેબલ અને તેમનો રૂટ મહદંશે ગુપ્ત રાખવામાં આવે છે. ટ્રેનના આ પ્રકારના લશ્કરી ઉપયોગની એક ઝલક આપણે અક્ષયકુમારની ફિલ્મ 'હોલીડેઃ અ સોલ્જર નેવર ઓફ ડ્યુટી'માં જોઈ ચૂક્યા છીએ.



## 16,000 ફૂટની ઉંચાઈએ આવેલા પહાડી માર્ગ પર ભારતીય લશ્કરે બનાવી મોનોરેલ

અરુણાચલ પ્રદેશમાં 16,000 ફૂટની ઉંચાઈએ આવેલા પહાડી માર્ગ પર ભારતીય લશ્કરે તેની ગજરાજ કોર્પ્સ (4th કોર્પ્સ)ના માધ્યમથી મોનોરેલ બનાવી છે. અરુણાચલ પ્રદેશના કુમાંગ સેક્ટરમાં આવેલો દેશનો આ સૌથી ઊંચો લશ્કરી મોરચો છે. વ્યક્તિગત અને લશ્કરી દૃષ્ટિએ અસ્તિત્વ ટકાવવા માટે આ સૌથી દુર્ગમ મોરચો છે. આ મોનોરેલ શરૂ કરવાનો એકમાત્ર હેતુ પડકારજનક ઉંચાઈએ આવેલા આ દુર્ગમ મોરચે તૈનાત જવાનોને આવશ્યક ચીજવસ્તુઓ સહિતો લશ્કરી સામાન પહોંચાડવાનો છે. એ રીતે દુર્ગમ ઉંચાઈવાળા મોરચાઓ પરની લશ્કરી સજ્જતા વધુ સુદૃઢ બનશે. આ દૃષ્ટિએ ભારત માટે આ એક મહત્ત્વપૂર્ણ લશ્કરી સિદ્ધિ પણ છે. આ મોનોરેલ સિંગલ ટ્રિપમાં 300 કિલોગ્રામથી વધુ લશ્કરી સામાનની હેરફેર કરી શકે છે.



# યુદ્ધ પરની ફિલ્મ 'ઇક્કિસ' બોક્સઓફિસ પર ઠંડી કેમ રહી?

**ફિલ્મોગ્રાફ**
**રાકેશ ઠક્કર**

શ્રીરામ રાઘવન નિર્દેશિત ફિલ્મ 'ઇક્કિસ' યુદ્ધ પરની હોવા છતાં બોક્સ ઓફિસ પર ઠંડી રહી છે. એ માટે પાત્રની પસંદગી યોગ્ય ના રહી હોવાનું પણ કહેવાય છે. જો અગસ્ત્ય નંદાનાં સ્થાને બીજો કોઈ અભિનેતા હોત તો પરિણામ કદાચ અલગ અને વધુ સારું રહ્યું હોત. વિક્કી કૌશલે 'ઉરી' અને 'સેમ બહાદુર' જેવી ફિલ્મોમાં લશ્કરી પાત્રોને જીવંત કર્યા છે. વિક્કીની શૈલી ખૂબ જ કડક અને શિસ્તબદ્ધ સૈનિકની છે. તેની સરખામણીમાં અગસ્ત્ય નંદા આ ફિલ્મમાં એક એવા યુવાન તરીકે દેખાય છે જે હજુ હમણાં જ એકેડેમીમાંથી બહાર આવ્યો છે. તેની પાસે વિક્કી જેવો અનુભવી સૈનિકનો લુક નથી. સિદ્ધાર્થ મલ્હોત્રાએ 'શેરશાહ'માં વિક્રમ બત્રાનું પાત્ર ભજવીને એક માપદંડ સેટ કર્યો હતો. સિદ્ધાર્થનો અભિનય ઘણો પ્રભાવશાળી હતો. એટલું ચોક્કસ કહી શકાય કે અગસ્ત્યની અભિનય શૈલી અમિતાભ બચ્ચન જેવી તીવ્રતા કે અભિષેક બચ્ચન જેવી વિનોદી નથી, પણ તે પોતાની રીતે મૌન દ્વારા ઘણું કહી જાય છે. શ્રી અરુણ ખેતરપાલના પાત્રમાં અગસ્ત્ય નંદાએ એક નવોદિત કલાકાર હોવા છતાં અત્યંત પરિપક્વ પ્રદર્શન કર્યું છે. તેની આંખોમાં રહેલી નિર્દોષતા અને દેશ માટે કંઈક કરી છૂટવાનો જુસ્સો પ્રેક્ષકોને તરત જ સ્પર્શી જાય એવો છે. 'ઇક્કિસ' માં અગસ્ત્ય નંદાના અભિનયની સરખામણી અન્ય સમકાલીન યુવા કલાકારો અને અગાઉની યુદ્ધ ફિલ્મોના કલાકારો સાથે કરવી ખૂબ જ રસપ્રદ છે. સામાન્ય રીતે જ્યારે કોઈ સ્ટાર કિડ ડેબ્યૂ કરે છે, ત્યારે તેમની સરખામણી ચોકલેટી હીરો અથવા એક્શન હીરો તરીકે થતી હોય છે, પરંતુ અગસ્ત્યએ અરુણ ખેતરપાલ જેવા ગંભીર અને ઐતિહાસિક પાત્રની પસંદગી કરીને પોતાની એક અલગ કેડર ઊભી કરી છે. શ્રીરામ રાઘવન જેવા દિગ્દર્શક સાથે કામ કરવાને કારણે તેના અભિનયમાં ક્યાંય 'મેલોડ્રામા' જોવા મળતો નથી. તે અન્ય યુવા હીરોની જેમ ડાયલોગ ડિલિવરીમાં બૂમો પાડવાને બદલે સંવાદોની ગંભીરતા સમજે છે. આજના સમયમાં મોટાભાગના નવા હીરો પોતાની પહેલી ફિલ્મમાં સિક્સ-પેક એપ્સ અને ડાન્સિંગ સ્કીલ્સ બતાવવા પર ભાર મૂકે છે. અગસ્ત્યએ તેનાથી તદ્દન વિપરીત રસ્તો પસંદ કર્યો છે. તેણે ગ્લેમરને બદલે કન્ટેન્ટ પર ધ્યાન આપ્યું છે. 'ધ આર્ચિઝ'માં તેનો લુક ગ્લેમરસ હતો, પણ 'ઇક્કિસ'માં તે માટી અને પરસેવાથી લથપથ એક વાસ્તવિક સૈનિક દેખાય છે. તેની આ સરખામણી તેને બોલિવૂડના 'ચોકલેટી હીરો'ની ઈમેજમાંથી બહાર કાઢીને એક 'પર્ફોર્મન્સ ઓરિએન્ટેડ' અભિનેતા તરીકે સ્થાપિત કરે છે. નિર્દેશક રાઘવને અહીં પોતાની 'થ્રિલર' માસ્ટરીનો ઉપયોગ યુદ્ધના દૃશ્યોમાં તણાવ પેદા કરવા માટે કર્યો છે. સામાન્ય રીતે યુદ્ધ ફિલ્મોમાં જે પ્રકારનો અતિશયોક્તિભર્યો રાષ્ટ્રવાદ જોવા મળતો હોય છે તેનાથી આ ફિલ્મ અલિપ્ત રહે છે. અહીં શૌર્ય કુદરતી રીતે પ્રગટે છે, તેના માટે જોરશોરથી નારાબાજીની જરૂર પડતી નથી. યુદ્ધના મેદાન પરના દૃશ્યો, ખાસ કરીને 'બેટલ ઓફ બસંતર'નું ચિત્રણ અત્યંત વાસ્તવિક છે. ટેન્ક યુદ્ધના દૃશ્યો ભારતીય પડદા પર ભાગ્યે જ આટલી ચોકસાઈ સાથે જોવા મળ્યા છે. 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધના પૃષ્ઠભૂમિ પર આધારિત આ ફિલ્મ પરમવીર ચક્ર વિજેતા સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેતરપાલના જીવન અને તેમની અદમ્ય બહાદુરીની ગાથા છે. ફિલ્મની શરૂઆત ખૂબ જ શાંતિપૂર્ણ રીતે થાય છે. તે પ્રેક્ષકોને સીધા યુદ્ધના મેદાનમાં ધકેલી દેવાને બદલે પાત્રના માનસિક જગત અને તેના ઉછેર સાથે પરિચય કરાવે છે. ફિલ્મ માત્ર એક સૈનિકની વાર્તા નથી , પણ એક પુત્ર, એક મિત્ર અને એક યુવાનના સપનાઓની વાર્તા છે. જેણે માત્ર 21 વર્ષની વયે સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. ધૂળ, ધુમાડો અને લોખંડના ટકરાવનો અવાજ પ્રેક્ષકોને એવું અનુભવવા મજબૂર કરે છે કે તેઓ પોતે તે રણભૂમિનો હિસ્સો છે. ધર્મેન્દ્રનું પાત્ર ફિલ્મમાં ભાવનાત્મક કરોડરજ્જુ સમાન છે. એક વડીલ સૈનિક તરીકેનો તેમનો અનુભવ અને તેમની ગરિમા ફિલ્મને એક અલગ ઊંચાઈ પર લઈ જાય છે. અરુણના પિતા તરીકે તેમનો અભિનય હૃદયસ્પર્શી છે. પિતા અને પુત્ર વચ્ચેના મૌન સંવાદો અને એક સૈનિક પરિવારની જે આંતરિક સમજણ હોય છે તેને ખૂબ જ સુંદર રીતે વણી લેવામાં આવી છે. પટકથા લેખન એટલું મજબૂત છે કે તે ક્યાંય પણ ધીમી પડતી નથી, છતાં તે પ્રેક્ષકોને વિચારવા માટે પૂરતો સમય આપે છે. સંગીત અને બેકગ્રાઉન્ડ સ્કોર ફિલ્મની ગતિને પૂરક બને છે. ગીતો વાર્તાના પ્રવાહને તોડતા નથી પણ તેને આગળ વધારે છે. 1970ના દાયકાના ભારતને જે રીતે કલા નિર્દેશન દ્વારા જીવંત કરવામાં આવ્યું છે તે પ્રશંસનીય છે. તે સમયની વેશભૂષા, વાહનો અને ટેલિફોન જેવી નાની નાની વિગતો પર પણ ધ્યાન આપવામાં આવ્યું છે, જે પ્રેક્ષકોને તે જમાનામાં લઈ જાય છે. ફિલ્મની લંબાઈ કેટલીક જગ્યાએ થોડી વધારે લાગી શકે છે. ખાસ કરીને મધ્યભાગમાં જ્યાં પાત્રોના અંગત જીવન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જે પ્રેક્ષકો માત્ર એક્શન અને ધડાકાની અપેક્ષા રાખીને આવ્યા હશે, તેમને શરૂઆતનો ભાગ કદાચ ધીમો લાગે. પરંતુ એક બાયોપિક તરીકે પાત્રના ઘડતર માટે આ સમય અનિવાર્ય છે. ફિલ્મમાં પાકિસ્તાની પક્ષને પણ માત્ર 'વિલન' તરીકે રજૂ કરવાને બદલે માનવીય અભિગમથી જોવાનો પ્રયાસ થયો છે. સિનેમેટોગ્રાફીની સારી છે. રાત્રિના યુદ્ધના દૃશ્યો અને રણની વિશાળતાને કેમેરામાં ખૂબ જ કુશળતાથી કેદ કરવામાં આવી છે. શ્રીરામ રાઘવને સાબિત કર્યું છે કે યુદ્ધની વાર્તાઓ કહેવા માટે માત્ર બજેટ નહીં , પણ સંવેદનશીલતા અને સાચી દૃષ્ટિની જરૂર હોય છે. જો અર્થપૂર્ણ સિનેમા અને ઈતિહાસની રોમાંચક ક્ષણોને રૂપેરી પડદે જોવા માંગતા હોવ તો આ ફિલ્મ ચોક્કસપણે જોવી જોઈએ. તે બોલિવૂડના જૂના ઢાંચાની યુદ્ધ ફિલ્મોથી અલગ છે અને એક નવી તાજગી પ્રદાન કરે છે.


**જો અગસ્ત્ય નંદાના સ્થાને બીજો કોઈ અભિનેતા હોત તો પરિણામ કદાચ અલગ અને વધુ સારું રહ્યું હોત. વિક્કી કૌશલે 'ઉરી' અને 'સેમ બહાદુર' જેવી ફિલ્મોમાં લશ્કરી પાત્રોને જીવંત કર્યા છે. વિક્કીની શૈલી ખૂબ જ કડક અને શિસ્તબદ્ધ સૈનિકની છે**

# સમાજનાં ત્રાજવામાં સદ્ગુણોનું પલ્લુ ભારે!

**જીવન સરિતાને તીરે**
**દિનેશ પાંચાલ**

આપણી યુવા પેઢીએ એક પ્રશ્ન પર વિચારવું જોઈએ. સોના કરતાં વધુ કીમતી શું? સાચો-જૂઠો જવાબ આ રહ્યો. કદાચ સદ્ગુણો! એક માણસ પાસે કેવળ દશ ગ્રામ સોનાનો સુવર્ણચંદ્રક છે અને બીજો માણસ સ્મગ્લર છે. તેની પાસે સોનાની પાટો છે, જેનું વજન ટનમાં થાય છે, છતાં સમાજના ત્રાજવામાં સોનાની પાટોને બદલે દશ ગ્રામ સુવર્ણચંદ્રકનું પલ્લુ ભારે રહે છે. બીજી રીતે વિચારીએ તો કોઈ રૂપજીવીનીના ગળામાં કોઈ ગ્રાહકે પંદર તોલા સોનાનો હાર પહેરાવ્યો હોય તો પણ એક સાધારણ મંગળસૂત્ર વિના તેનું પત્નીત્વ અધૂરું રહે છે. તાત્પર્ય એટલું જ કે સોનામાં સુગંધ નહીં સદ્ગુણો ભળવા જોઈએ!' જોકે બચુભાઈ જુદું વિચારે છે. તેઓ કહે છેઃ 'હું તમને મૂર્તિની ભેટ આપવાની ઓફર કરું અને કહું કે "આ બેમાંથી તમે જે પસંદ કરશો તે મૂર્તિ હું તમને ભેટ આપી દઈશ પણ જણાવી દઉં કે જે મૂર્તિ રામની છે તે લોખંડની છે અને રાવણની મૂર્તિ સોનાની છે. તો સ્વાભાવિક જ તમે રામને બદલે રાવણની (સોનાની) મૂર્તિ પસંદ કરશો. લોખંડના રામની આજે કોઈ કિંમત નથી.'

પ્રસ્તુત ઉદાહરણ સાંભળી બીજા મિત્ર બોલ્યાઃ "હું રામભક્ત છું પણ હું પણ ઉપાડું તો રાવણની જ મૂર્તિ! ત્યારબાદ રાવણને સોનીને ત્યાં વેચી તેમાંથી માટીની સુંદર રામની મૂર્તિ ખરીદું! અને બાકીના પૈસા મારા લવ-કુશના નામે બેંકમાં રોકું! શ્રદ્ધા ય સલામત અને પરિવાર પણ સલામત! રાવણને અવશ્ય ધિક્કારી શકાય પણ શ્રદ્ધાની આડમાં સુવર્ણના કિંમતીપણાને અવગણીએ તો એ મોટી ભૂલ ગણાય. રામ પ્રત્યેની પૂરી શ્રદ્ધા અકબંધ રાખીને પતરાને પીછાણી લઈએ તે જરૂરી છે. યાદ રહે, પસંદગી રામ અને રાવણમાંથી નહીં, પણ સોના અને લોખંડમાંથી કરવાની છે!"



આજે સમાજમાં વારંવાર કહેવાય છે કે શિક્ષણની કોઈ વેલ્યૂ નથી પણ એ ય સાચું કે ભણતરનું મૂલ્ય જરાય ઓછું નથી છતાં પુસ્તકિયું શિક્ષણ ઉપલકિયું હોય છે. બરફની શિલાનો મોટો હિસ્સો દરિયામાં ડૂબેલો હોય છે અને દુનિયાને જે દેખાય છે તે સાવ નાનકડો ભાગ ઉપર દેખાતો હોય છે. શાળામાં મળતું શિક્ષણ પણ ઉપર દેખાતા ભાગ જેવું નાનકડું હોય છે. ઘણા પાઠો જીવનની પાઠશાળામાં ભણ્યા પછી જ શીખવા મળે છે. માછલી પાણીમાં કેવી રીતે જીવે છે એ જાણકારીની સાથોસાથ સમાજમાં માણસે કેવી રીતે જીવવું જોઈએ? તેની જાણકારી પણ હોવી જોઈએ. ત્રિકોણના ત્રણ ખૂણાનો સરવાળો 180 અંશ થાય છે એવી માહિતી ધરાવતા વિદ્યાર્થીને ઘરના ચાર ખૂણા વચ્ચે રહેતા માણસોના મનનું ગણિત પણ આવડવું જોઈએ. બે ભાગ હાઈડ્રોજન અને એક ભાગ ઓક્સિજન મળવાથી પાણી બને છે. એટલું જાણીએ તે કરતાંય એ જાણવાનું વિશેષ ઉપયોગી છે કે બે ભાગ બુદ્ધિ અને એક ભાગ માનવતાના મિશ્રણ વિના જીવનમાં પ્રેમનું રસાયણ તૈયાર કરી શકાતું નથી. યૌવનના ઉંબરે ઊભેલો વિદ્યાર્થી રાષ્ટ્રપતિ બનવાની લાયકાત ભલે ન જાણતો હોય પણ આદર્શ પતિ બનવાની લાયકાતોથી તો તે અવશ્ય માહિતગાર હોવો જોઈએ.

દોસ્તો, ક્યારેક વિચારસરિતા અવળે પાટે ચઢી જાય ત્યારે તેને સીધે પાટે ચઢાવવામાં ખાસ્સી મુશ્કેલી ઊભી થાય છે. અત્યારે અમે એવી જ મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યા છીએ. અહીં વાચકો જરૂર એ વિચારશે કે હવે આ વિચાર સરિતા કોણ જાણે કેવા કેવા ખડકાળ માર્ગે વાચકોને રઝળાવશે? પણ ચિંતા કરશો નહીં. અમે સીધા માર્ગના મુસાફર છીએ, એથી ફંટાઈને પણ ઝડપથી અનુકૂળ માર્ગે જ આવી જઈએ છીએ અને અનુકૂળ માર્ગ એ છે કે સદીઓથી લોકોની માનસિકતા સતત વૈચારિક માર્ગે આગળ વધતી રહી છે. આદિ માનવોએ પ્રથમવાર બે પથ્થર ઘસીને અગન તણખા પ્રગટાવ્યા હતા તે ક્ષણથી માણસના દિમાગમાં નિત્ય નવી તરકીબોના તણખા ઝરતા રહ્યા છે. પ્રત્યેક નવો તણખો એક નવા આવિષ્કારને જન્મ આપે છે. એથી દુનિયામાં નિત્ય નવી શોધખોળો થતી રહી છે. વિશ્વનો વિકાસ એ 'તણખામંડળ'ને આભારી છે. ઘણીવાર એવા એકલ દોકલ તણખાથી માણસ દાઝી ગયો હોય એવું બન્યું હશે, છતાં દુનિયાની પ્રગતિ અટકી નથી.

નાનપણમાં ચૂલા પાસે બેસીને બ્રશ કરતો માણસ સ્વભાવિક જ એવા તણખાઓનો ભોગ બન્યો હશે, પણ હવે જમાનો દાતણ છોડીને કોલગેટ પર અને ચૂલો છોડી ગૅસ પર આવી ગયો છે. મતલબ તે કોડિયા ક્રાંતિ ખત્મ થયાને ય વર્ષો વિતી ગયા છે, આપણે એ સત્ય સ્વીકારવું રહ્યું કે ગુજરાતના બાળકનૈયાઓ હવે કોડિયાના પ્રકાશમાં નહીં પણ ઝઘારા મારતી વિજળીમાં જન્મે છે.

**આજે સમાજમાં વારંવાર કહેવાય છે કે શિક્ષણની કોઈ વેલ્યૂ નથી પણ એ ય સાચું કે ભણતરનું મૂલ્ય જરાય ઓછું નથી છતાં પુસ્તકીયું શિક્ષણ ઉપલકિયું હોય છે. બરફની શિલાનો મોટો હિસ્સો દરિયામાં ડૂબેલો હોય છે અને દુનિયાને જે દેખાય છે તે સાવ નાનકડો ભાગ ઉપર દેખાતો હોય છે**

### ધૂપછાંવ

ગુજરાતનું કોઈ ગોકળિયું ગામ વિજળીથી વંચિત રહ્યું નથી. દોસ્તો, જોકે અમારા બચુભાઈ કહે છે તેમ અહીં એવું પૂછવાની છૂટ નથી કે આહવા ડાંગ સહિત બિહાર અને મધ્યપ્રદેશના કેટલાંય ગામડાઓમાં હજી દિવા કેમ સળગે છે? એ દીવાઓનું ઈલેક્ટ્રિફિકેશન ક્યારે થશે?